Lions International
District 3232J (Saurashtra-Kutch)
તા. ૦૬.૦૬.૨૦૨૬

DR. HARDIK MEHTA
District Governor (2026-27)

પરિપત્ર

ક્લબને વધુ શક્તિશાળી બનાવીએ...
સભ્યતા, નેતૃત્વ, મિત્રતા અને સેવા દ્વારા

WE GROW TOGETHER
MEMBERSHIP • LEADERSHIP
FELLOWSHIP • SERVICE

પ્રિય લાયન્સ સાથીઓ,

લાયન્સ ઈન્ટરનેશનલનો મુખ્ય ઉદ્દેશ "સેવા દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન" લાવવાનો છે. આપણી ક્લબનું શક્તિશાળી ભવિષ્ય ચાર મુખ્ય સ્તંભ પર નિર્ભર છે – વધુ સભ્યતા, મજબૂત નેતૃત્વ, ગાઢ મિત્રતા અને અસરકારક સેવા પ્રવૃત્તિઓ. આ પરિપત્ર દ્વારા આપ તમામ ક્લબોને નીચે દર્શાવેલ બાબતો પર ખાસ ધ્યાન આપવા હાર્દિક વિનંતી છે.

1. MEMBERSHIP
નવા સભ્યથી નવી શક્તિ

- સમાજના સારા, સક્રિય અને સેવાભાવી વ્યક્તિઓને ક્લબમાં આમંત્રિત કરો.
- દરેક સભ્ય એક નવા સભ્ય લાવવા સંકલ્પ લે.
- યુવાનો, મહિલા, વ્યવસાયિક અને સમાજના વિવિધ ક્ષેત્રના પ્રતિભાશાળી લોકોને જોડો.
- નવો સભ્ય જોડાયા પછી યોગ્ય ઓરિએન્ટેશન અને માર્ગદર્શન આપો.
- સહભાવ અને સક્રિય ભાગીદારીથી સભ્યતાનું જાળવણી કરો.

2. LEADERSHIP
સક્ષમ નેતૃત્વ – મજબૂત ક્લબ

- ક્લબમાં નવા નેતાઓને ઓળખો અને તેમને જવાબદારી આપો.
- એવેતૃત્વ તાલીમ કાર્યકમેમાં સભ્યોને ભાગ લેવા પ્રોત્સાહિત કરો.
- યુવા લાયન્સ અને મહિલાઓને નેતૃત્વની તકો આપો.
- જિલ્લા અને આંતરરાષ્ટ્રીય કાર્યકમેમાં વધુ સભ્યોની ભાગીદારી સુનિશ્ચિત કરો.
- સારા નેતૃત્વથી ક્લબની પ્રતિષ્ઠા અને સમાજમાં વિશ્વાસ વધે છે.

3. FELLOWSHIP
મિત્રતા – અમારી તાકાત

- ક્લબ મીટીંગસમાં નિયમિત હાજરી આપો.
- સભ્યો વચ્ચે આપસી સમજ, સન્માન અને સહકાર વધારવો.
- જન્મદિવસ, લગ્ન વર્ષગાંઠ અને વિશેષ પ્રસંગોની ઉજવણી સાથે મળીને કરો.
- પરિવાર સાથેના કાર્યકમો, આઉટિંગ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજો.
- મિત્રતા અને સ્નેહનું વાતાવરણ ક્લબને લાંબા ગાળે એકસાથે રાખે છે.

4. SERVICE ACTIVITIES
સેવા – અમારી ઓળખ

- સમાજની વાસ્તવિક જરૂરિયાતો ઓળખી અને અસરકારક સેવા પ્રોજેક્કટ કરો.
- સ્વાસ્થ્ય, શિક્ષણ, પર્યાવરણ, યુવા, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને જરૂરિયાતમંદ વર્ગ માટે નિયમિત પ્રવૃત્તિઓ કરો.
- સ્થાનિક સમુદાય, શાળા, સરકારી સંસ્થા અને અન્ય સંસ્થાઓ સાથે મળીને પ્રોજેક્ટ કરો.
- ક્લબના દરેક સભ્યને ઓછામાં ઓછા એક સેવા પ્રોજેક્ટમાં સક્રિય રીતે જોડો.
- સેવા પ્રવૃત્તિઓના વ્યાપક પ્રચાર દ્વારા નવા સભ્યોને આકર્ષિત કરો.

"વધુ સભ્યતા, સક્ષમ નેતૃત્વ, ગાઢ મિત્રતા અને સતત સેવા –
આપણે જોઈએ છે, એવું ક્લબ જ્યાં દરેક સભ્ય ગૌરવથી કહે – હું લાયન્સ છું !"

From : **ZC. Lion Harshad Mehta**
Zone Chairperson, Zone - 14
Mobile : 98980 64424

Together We Serve

BROTHERHOOD BEYOND BOUNDARY

705, South Block, Twin Star, 150 Ft Ring Road, Rajkot - 360005 India | hardik.rkccet@gmail.com | +91 94271 57507 | +91 94271 57507